અપીલ અરજી નં.૨૭૯ તા.૩૦–૧૨–૦૮/૦૯

અરજદાર: શ્રી નગીનભાઈ પરાગજી ચૌહાણ
સામાવાળા: કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન

## ફરીયાદની હકીકત:–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી નગીનભાઈ પરાગજી ચૌહાણની તા.૩૧–૭–૦૮ની અરજીથી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી મજકુર અરજદારની તા.૨–૨–૦૭ ની અરજીના અનુસંધાને સા.ઝોન/ટેક./આ.નં.૧૦૭૨૧ તા.૨૨–૨–૦૭થી આપેલ માહિતીને આનુષાંગિક કોલમ–૩માં (૧) (૨) (૪)(૫) (૧૦) અંગે આનુષાંગિક માહિતીની માંગણી કરેલ છે. તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૩૦–૧૨–'૦૮ ની અપીલ અરજી નં.૨૭૯/૨૦૦૮–૦૯

શ્રી નગીનભાઈ પરાગજી ચૌહાણની તા.૩૧–૭–૦૮ની અરજીથી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી મજકુર અરજદારની તા.૨–૨–૦૭ ની અરજીના અનુસંધાને સા.ઝોન/ટેક./આ.નં.૧૦૭૨૧ તા.૨૨–૨–૦૭થી આપેલ માહિતીને આનુષાંગિક કોલમ–૩ માં (૧) (૨) (૪)(૫) (૧૦) અંગે આનુષાંગિક માહિતીની માંગણી કરેલ છે. તેની માહિતી આપવા બાબતે ની આંશિક માહિતી આપી છે બાકીની માહિતી આપી નથી તેવા મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૧૨–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, ફી ભર્યાના આધાર કે તબદીલની નકલ સહિત, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૩૮ તા.૬–૧–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને તથા અરજદારને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસસંધાને તેઓ તરફથી અત્રેના વિભાગને કોઈ વિશેષ માહિતી મળેલ નથી કે માહિતીના ઈન્કાર અંગે કોઈ અપવાદ રજુ કરેલ નથી.

અરજદારની મુળ અરજીમાં કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી મજકુર અરજદારની તા.૨–૨–૦૭ ની અરજીના અનુસંધાને સા.ઝોન/ટેક./આ.નં.૧૦૭૨૧ તા.૨૨–૨–૦૭થી આપેલ માહિતીને આનુષાંગિક કોલમ–૩ માં (૧) (૨) (૪)(૫) અને ૧૦) અંગે આનુષાંગિક માહિતીની માંગણી કરેલ છે. તેની માહિતી આપવા જણાવેલ. જાહેર માહિતી અધિકારી તરફથી અપીલના તબકકે પૂરક વિગતો મંગાવવા છતાં આ બાબતે તેમણે વિશેષ કોઈ વિગતો પૂરી પાડેલ નથી કે ઈન્કારનું કારણ જણાવેલ નથી. તેટલું જ નહીં પરંતુ માહિતી આપવાની નિયત સમય અવધિ દિન–૩૦ પૂર્ણ થયા બાદ પણ અને અપીલના તબકકે પણ માહિતી આપવા કોઈ કાર્યવાહી હાથ ધરાયાનું જણાયેલ નથી. વધુમાં અરજદારને પણ દિન–૩૦ ના વિલંબથી લગભગ ૯૦ દિવસ અપીલ કરવા અંગે આધાર પુરાવા અને વાજબીપણું રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ તેમ છતાં અરજદાર તરફથી કોઈ આધાર પુરાવા કે વાજબીપણું રજુ કરેલ નથી. અરજદારને તેમની તા.૩૧–૭–૦૮ ની અરજીથી સા.ઝોન/ટેક./આ.નં.૧૦૭૨૧ તા.૨૨–૨–૦૭થી આપેલ માહિતી કોલમ–૩ ના મુદ્દા ન.૧ થી ૧૦ પૈકી આનુષાંગિક કોલમ–૩ માં (૧) (૨) (૪)(૫) અને ૧૦ અંગે આનુષાંગિક માહિતીની મુળ અરજીમાં માંગણી કરેલ છે. જે પૈકી અરજદારે કલમ–૩ (૫) ની આંશિક માહિતી મળેલ છે તેવું અપીલ સાથેના માહિતી અધિકારીએ આપેલ જવાબની બિડાણ નકલમાં કોલમ–૩(૫) માં રીમાર્કસ કરીને જણાવેલ છે. આથી અરજદારની કોલમ–૩ માં ૧,૨,૪, અને ૧૦ ની માહિતી અંગે તકરારી માહિતી રહે છે. અરજદારે આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) હેઠળ દિન–૩૦ માં અપીલ કરવાની રહે છે. પ્રસ્તુત કિસ્સામાં લગભગ ત્રણ માસના વિલંબથી અપીલ કરેલ છે તથા અરજદાર અપીલના તબકકે માંગવા છતાં વિલંબિત અપીલ ગ્રાહય રાખવા વાજબીપણું રજૂ કરવામાં નિષ્ફળ રહેલ છે.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની દિન–૯૦ ના વિલંબથી કરેલ અપીલ અરજી વિલંબના વાજબીપણાની અનુપસ્થિતિમાં દફતરે કરવામાં આવે છે. તેમ છતાં કાયદાના હાર્દને ધ્યાનમાં લઈ અરજદારની મુળ અરજીથી માંગેલ માહિતી અરજીના પરિપેક્ષ્યમાં કાયદાની કલમ–૭(૩) હેઠળ કોઈ દસ્તાવેજી ફી ભરવાપાત્ર થતી હોય તો તે ભરાવી દિન–૩૦ માં અરજદારને માહિતી પૂરી પાડી તેની જાણ અત્રે કરવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧ –૦૯.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી નગીનભાઈ પરાગજી ચૌહાણ,